| | | |
|---|---|---|
| **GJBN020142812025** | सत्यमेव जयते | કેસ રજુ તા.૧૫/૦૭/૨૦૨૫ |
| | | કેસ રજી. તા.૧૫/૦૭/૨૦૨૫ |
| | | કેસ ફેસલ તા.૨૨/૦૭/૨૦૨૬ |
| | | સમયગાળો : વર્ષ માસ દિવસ |

**ભાવનગરના મહેરબાન ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ સમક્ષ, ભાવનગર**

**ફોજદારી કેસ નં.–૧૧૪૪૪/૨૦૨૫**

આંક–

**ફરિયાદી– સરકાર શ્રી**

**વિરુધ્ધ**

**આરોપી– રવજીભાઈ ઉર્ફે હોકલી સ/ઓ ત્રિકમભાઈ કાનાભાઈ મકવાણા, ઉ.વ.૫૩,**

રહે. કુંભારવાડા, નારી રોડ, આઈ.પી.સી.એલ. કંપની પાસે, ભાવનગર

**ગુન્હો–ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો**

ફરિયાદ પક્ષ તર્ફે– વિ. એ.પી.પી.શ્રી જે. એમ. ચુડાસમા

આરોપી પક્ષ તર્ફે– વિ.વ.શ્રી ડી. ડી. ભીલ

## ચુકાદો

**(૧)** સદર કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૦૬/૦૪/૨૦૨૫ ના રોજ કલાક–૧૦:૩૦ વાગ્યે આ કામના ફરીયાદી પોતાની ઈલેકટ્રીક મોટર સાઈકલ લઈને તેમના ઘરેથી કુંભારવાડા જતા હતા તે દરમ્યાન અક્ષરપાર્ક ચોકડી પહેલા અક્ષર પાર્ક રોડ ખારીયા હનુમાન પાસે પહોંચતા પાછળથી એક કાળા કલરની સ્કોર્પીયો ફોરવ્હીલ જેનો રજી. નં. જી. જે. ૦૪. ઈ. પી. ૨૮૦૦ ના ચાલક રવજીભાઈ ઉર્ફે હોકલી સ/ઓ ત્રીકમભાઈ કાનાભાઈ મકવાણા પોતાના કબ્જા ભોગવટાની ફોરવ્હીલ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી ફરીયાદીની ઈલેકટ્રીક મોટર સાઈકલને ટલ્લો મારી દઈ ફરીયાદીને રોડ ઉપર પછાડી દઈ શરીરે ઈજાઓ પહોંચાડી પોતાના કબ્જાની ફોરવ્હીલ ગાડી લઈને નાશી જઈ ગુન્હો કરેલ હોય આરોપી વિરૂધ્ધ

ફરીયાદીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબની ફરિયાદ આપતા બોરતળાવ પો. સ્ટે. એ. પાર્ટ ગુના રજીસ્ટર નં.૧૧૧૯૮૦૧૫૨૫૦૫૮૨/ ૨૦૨૫ થી નોંધાયેલ અને ગુનાની તપાસને અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય આરોપી વિરુધ્ધ ફરિયાદપક્ષ ધ્વારા હાલનુ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

(૨) ચાર્જશીટ આવતા આરોપીને સમન્સ કરતા આરોપીઓ હાજર થયેલ અને આરોપી ને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સ મળ્યાની ખાતરી કર્યા બાદ આંક–૦૩ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી આંક–૦૪ થી આરોપીનું નિવેદન નોંધતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા સદર કામ ફરિયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા લેખિત પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

## મૌખીક પુરાવાની વિગત

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | માનસીબેન કુલદીપભાઈ રાઠોડ–ફરિયાદી | ૦૬ |

## દસ્તાવેજી પુરાવાની વિગત

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદની ખરી નકલ | ૦૭ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૦૮ |
| ૩ | અટક પંચનામું | ૦૯ |
| ૪ | મેડીકલ સારવાર સર્ટી | ૧૦ |
| ૫ | કલોઝીંગ પુરશીષ | ૧૧ |

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે બી.એન.એસ.એસ. કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન લેવા જેટલો પુરાવો પડેલ ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી.

**(૫)** સદર કામે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

**(૬)** ફરીયાદપક્ષની દલીલો તથા રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા હાલના કેસના નિર્ણય માટે તેમની સમક્ષ નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-:મુદ્દાઓ:-</u>**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૦૬/૦૪/૨૦૨૫ ના રોજ કલાક-૧૦:૩૦ વાગ્યે આ કામના ફરીયાદી પોતાની ઈલેકટ્રીક મોટર સાઈકલ લઈને તેમના ઘરેથી કુંભારવાડા જતા હતા તે દરમ્યાન અક્ષરપાર્ક ચોકડી પહેલા અક્ષર પાર્ક રોડ ખારીયા હનુમાન પાસે પહોંચતા પાછળથી એક કાળા કલરની સ્કોર્પીયો ફોરવ્હીલ જેનો રજી. નં. જી. જે. ૦૪. ઈ. પી. ૨૮૦૦ ના ચાલક રવજીભાઈ ઉર્ફે હોકલી સ/ઓ ત્રીકમભાઈ કાનાભાઈ મકવાણા પોતાના કબ્જા ભોગવટાની ફોરવ્હીલ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી ફરીયાદીની ઈલેકટ્રીક મોટર સાઈકલને ટલ્લો મારી દઈ ફરીયાદીને રોડ ઉપર પછાડી દઈ શરીરે ઈજાઓ પહોંચાડી પોતાના કબ્જાની ફોરવ્હીલ ગાડી લઈને નાશી જઈ ગુન્હો કરેલ હોય આરોપી વિરૂધ્ધ ફરીયાદીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબના છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**<u>નિર્ણય માટેના કારણો</u>**

**<u>મુદ્દા નં. ૧ની ચર્ચા-</u>**

**(૮)** હાલના કામે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો ગુનાનો આરોપ છે. તેથી સૌ પ્રથમ સદર કલમ વંચાણે લીધી.

(૯) ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૦૪ મુજબ કોઈ પણ વ્યકિત ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદિત કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનૂની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે, તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવું પડે. જયારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબિત કરવા એક વ્યકિત બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય છે કે તે વ્યકિત પર સાબિતીનો બોજો છે. આમ, જયારે ફરિયાદપક્ષ એમ ઈચ્છતો હોય કે આરોપીઓને તેમણે લગાવેલા આરોપ બદલ દોષિત ઠરાવી સજા કરાવામાં આવે તો તેવા સંજોગોમાં આરોપીઓએ તે ગુનો કરેલાની હકીકત ફરિયાદપક્ષે શંકાથી પર પુરવાર /સાબિત કરવી જોઈએ. કારણ કે ફોજદારી કાર્યરીતિમાં કોઈ પણ ગુનાહિત કાર્યની જવાબદારી નકકી કરવા માટેની પ્રથમ ધારણા એવી હોય છે કે આરોપીઓ નિર્દોષ છે. પરંતુ જો આરોપીઓ ભારતીય પુરાવા અધિનિયમમાં જણાવેલ અપવાદો મુજબનો બચાવ લે તો તેવા સંજોગોમાં આરોપીઓએ પોતે જે તે અપવાદ અનુસાર લાભ લેવા હકકદાર છે તે બાબતે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોય છે. પરંતુ ફરિયાદપક્ષના કિસ્સામાં આ નિયમ લાગુ પડતો નથી. ફરિયાદ પક્ષે પોતાનો કેસ દરેક શંકાથી પર સાબિત કરવાનો હોય છે.

(૧૦) હવે, કોઈ પણ હકીકત સાબિત થઈ એમ કયારે કહેવાય તો તે બાબતે સાબિત શબ્દની વ્યાખ્યા વંચાણે લેવી જરૂરી છે કે જે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨ માં જણાવેલ છે. જેના આધારે એમ કહી શકાય કે જયારે અદાલત તેની સમક્ષ પડેલ બાબતો વિચારતા તે હકીકત અસ્તિત્વમાં છે એમ માને અથવા તેનું અસ્તિત્વ એટલી હદે સંભવિત માને કે એક સમજદાર વ્યકિત જે તે કેસના સંજોગો હેઠળ તેવી ધારણાથી વર્તે કે તેનું અસ્તિત્વ છે. આમ, કોઈપણ હકીકત સાબિત થયેલ છે કે કેમ તે નિર્ણય કરવા માટે જે તે કેસમાં રજૂ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવું જરૂરી છે. પરંતુ પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તેની કોઈ પધ્ધતિ કોઈ પણ કાયદામાં દર્શાવેલ નથી. દરેક કેસની હકીકતો તથા સંજોગો જુદા જુદા હોય છે અને તે હકીકતો અને સંજોગોને ઘ્યાનમાં રાખીને પુરાવાનું મુલ્યાંકન કરી શકાય અને ત્યાર બાદ જ નકકી કરી શકાય કે કોઈ હકકીત અસ્તિત્વ ધરાવે છે કે કેમ?

(૧૧) આમ, ઉપરોકત ચર્ચાના આધારે હાલના કામે રજૂ થયેલ પુરાવો વંચાણે લઈએ તો, ફરિયાદપક્ષ તરફે આંક–૦૬થી ફરીયાદી માનસીબેન કુલદીપભાઈ રાઠોડ નાઓને તપાસવામા આવેલા છે. તેઓ તેમની જુબાનીમા એવી હકીકત જણાવેલ છે કે, બનાવ આશરે એકાદ વર્ષ પહેલા

બનેલો. બનાવ સમયે તેઓ તેમની ઈ.વી. મોટર સાઈકલ લઈને કુંભારવાડા તરફ જતા હતા ત્યારે તેમનો અકસ્માત એક સ્કોર્પીયો મોટર કાર સાથે થયેલો. જે બનાવની તેમણે ફરીયાદ આપેલી. જે ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવી આ કામે આંક–૦૭થી રજુ કરેલ છે. વધુમાં ફરીયાદી એવી હકીકત પણ જણાવેલ છે કે, આ અકસ્માત થતા તેમને માથાના ભાગે ઈજા થયેલી તથા ઈજા અંગેની તેમણે સારવાર લીધેલી. આ અકસ્માત કોની ભુલ અને બેદરકારીના કારણે થયેલો તે તેઓ કહી શકે નહી. અકસ્માત સમયે વાહનનો નંબર શું હતો કે તેના ચાલક કોણ હતા તેની તેમને ખબર નથી. આમ, સદર ફરીયાદી ફરીયાદ હકીકતથી વિરૂધ્ધની હકીકત જણાવતા હોય વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતા ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો રેકર્ડ પર આવેલ નથી. સદર ફરીયાદીની બચાવ પક્ષ તરફે કોઈ ઉલટતપાસ કરવામા આવેલ નથી.

**(૧૨)** ફરિયાદ પક્ષ તરફે આ સિવાય અન્ય કોઈ પુરાવો રજૂ થયેલ નથી. હવે, આ કામના આરોપી સામે મુકવામા આવેલ તહોમત સંબંધે રેકર્ડ પર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા ખુદ ફરીયાદીએ તેઓની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ કોઈ પુરાવો આપેલ નથી. ફરીયાદીની જુબાની ધ્યાને લેતા બનાવ સમયે તેઓ એકટીવા લઈને જતા હતા ત્યારે એક મોટર કાર સ્કોર્પીયો સાથે તેમનો અકસ્માત થયેલાનું જણવેલ છે. જે સંદર્ભે તેમણે ફરીયાદ આપેલી. તેમજ વધુમાં ફરીયાદી એવી હકીકત જણાવેલ છે કે, આ અકસ્માત થતા તેમને માથાના ભાગે ઈજા થયેલી તથા ઈજા અંગેની તેમણે સારવાર લીધેલી. આ અકસ્માત કોની ભુલ અને બેદરકારીના કારણે થયેલો તે તેઓ કહી શકે નહી. અકસ્માત સમયે વાહનનો નંબર શું હતો કે તેના ચાલક કોણ હતા તેની તેમને ખબર નથી. આમ, ફરીયાદીની જુબાની ધ્યાને લેતાં અકસ્માત કરનાર વાહનનો નંબર કે તેના ચાલકને ઓળખતા નહી હોવાનું જણાવેલ છે. તેઓની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ થતી નથી. તેમજ આ કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદી સિવાય અન્ય કોઈ સાહેદોને તપાસવામા આવેલા નથી. આમ, સમગ્ર બનાવ ફરિયાદીની ફરિયાદ પરથી ઉભો થયો હોવા છતા ખુદ ફરિયાદીની જુબાનીથી ફરીયાદની હકીકતને કોઈ જ સમર્થનકારી પુરાવો જણાય આવતો નથી. જેથી આ કામના આરોપી વિરૂધ્ધ કોઈ આક્ષેપો સાબિત થતા ન હોય તથા આરોપીને સદર ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય તેટલો પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય જેથી ફરીયાદપક્ષ આ કામના આરોપી સામે મુકવામા આવેલ તહોમત સાબિત કરવામા સદંતર નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

## <u>હુકમ</u>

(૧) આ કામના આરોપી રવજીભાઈ ઉર્ફે હોકલી સ/ઓ ત્રિકમભાઈ કાનાભાઈ મકવાણા નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧)અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

(૨) હાલના કામે આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ રૂા.૧૦,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા કરી આપવાનો હુકમ કરવામા આવે છે. સદર જામીનખત આ હુકમની તારીખ થી છ માસ સુધી અમલમાં રહેશે તેવો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તા.૨૨ મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨/૦૭/૨૦૨૬
સ્થળ–ભાવનગર.

(એ.એસ.શેખ)
ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ભાવનગર
(CODE No.GJ00899)

FAIZAN